ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૮-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### ગાંધીનગર રોગચાળાના ભરડામાં

ગાંધીનગર ગુજરાતનું હરિયાળું પાટનગર છે અને વિવિધ કારણોસર એનું નામ દેશવિદેશમાં ગાજતૂં-ગૂજતું રહે છે. તાજેતરમાં એનું નામ ડેન્ગ્યુના મચ્છરને કારણે ગાજ્યું તે પણ કેવી વિડંબના છે! આ લાંબા-પહોળા રાજમાર્ગો, ટ્રાફિક સર્કલો, ભવ્ય સરકારી ઇમારતો અને વૃક્ષો તથા બગીચાઓથી શોભના નગરમાં એક મામૂલી મચ્છર આઇપીએસ અધિકારીનાં જીવનસાથીને ભરખી જાય છે. આ ઘટના આપણી આંખો ઉઘાડનારી છે. મેલેરિયા પણ મચ્છરથી ફેલાતો રોગ છે એમ આ ડેન્ગ્યુ પણ મચ્છરથી જ થતી બીમારી છે. વિશ્વયુદ્ધોમાં ન મર્યા હોય એટલી મોટી સંખ્યામાં લોકો મેલેરિયાથી મર્યા હોવાના પ્રમાણભૂત આંકડા છે. ડેન્ગ્યુ અને ચિકનગુનિયા પ્રમાણમાં નવી બિમારીઓ છે. મેલેરિયાના મચ્છર કરતાં ડેન્ગ્યુનો મચ્છર જુદો પડે છે. એને ઉછરવા માટે ફ્રિઝની પ્લેટ પૂરતી થઇ રહે. એ આપણાં ચોખ્ખાં પાણિયારાંમાં કે કપડાં ધોવા માટેની ચોકડીમાં પણ ઊછરી શકે. કોઇ પણ જગ્યાએ પાણી ભરાઇ રહ્યું હોય તે એના ઉત્પત્તિસ્થાન માટે પૂરતી અનુકૂળતા ગણાય. ગાંધીનગરમાં હરિયાળી છે તે આંખોને ઠંડક આપે છે પરંતુ સાથે જ આવી જીવલેણ જીવાત માટેનું આશ્રયસ્થાન પણ બની રહે છે. શહેરમાં કચરાના ઢગ ખડકાતા રહે છે. સેકટરોમાં કીચડ જામે છે. પાણી ભરાઇ ગયા પછી દિવસો સુધી એનો નિકાલ થતો નથી. કહેવાતા ક્લીન અને ગ્રીન પાટનગરમાં ચોમાસા દરમિયાન ઊભરાતા આવા ગંદા ખાબોચિયાં પણ ભવિષ્યમાં ગાંધીનગરમાં ઓળખચિહ્ન બની જાય તો નવાઇ નહીં. જો ગુજરાતના પાટનગરમાં જ આરોગ્યતંત્ર ઊંઘતું રહેતું હોય તો દૂરદરાજના અંતરિયાળ વિસ્તારોની સ્થિતિ કેવી દયાજનક બની રહેતી હશે એની કલ્પના કરવી અઘરી નથી. મૃતક મહિલા સંભ્રાંત આઇપીએસ અધિકારીનાં પત્ની હતા. પોતે સુશિક્ષિત એવાં ગૃહિણી ડેન્ગ્યુનો ભોગ બની શકતાં હોય તો સાધારણ સ્થિતિમાં અલ્પશિક્ષિત પરિવારોનું કોણ બેલી બનવાનું હતું? મહાનગરપાલિકા મળ્યા પછી પાટનગરવાસીઓને જે પાયાની જરૂરિયાતોની અપેક્ષા જાગે તેમાં આરોગ્ય અને સુખાકારીનો સમાવેશ અગ્રતાક્રમે થાય. એ અપેક્ષા વાંઝણી સાબિત સાબિત થઇ છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. એક તરફ રાજયને બધી બાબતોમાં 'નંબર-વન' તરીકે ઓળખાવી મોટી મોટી આંકડાની માયાજાળ રચી દેખાતી હોય અને બીજી તરફ ગ્રાઉન્ડ રિયાલિટી કંઇ જુદી જ હોય ત્યારે આમ આદમીનો શાસનમાંથી વિશ્વાસ ડગી ન જાય તો જ નવાઇ. રાજયનું મહાનગર અમદાવાદ ડેન્ગ્યુના ભરડામાં આવી ગયું છે. ઘેર ઘેર ટાઢિયા તાવના ખાટલા ઢળાઇ ગયા છે. ડોકટરોનાં દવાખાનાં દરદીઓથી ઊભરાઇ રહ્યાં છે. મેલેરિયા નાબૂદી પાછળ આજ સુધી રાજય અને કેન્દ્ર સરકારો દ્વારા અબજોનું આંધણ મુકાઇ ચૂક્યું છે. આપણે પોલિયો અને શીતળાને કાબૂમાં લઇ શક્યા છીએ પણ મેલેરિયાના રાક્ષસને જાણે અમરત્વનું વરદાન સાંપડ્યું હોય એમ ને નાથી શકાયો નથી. ડેન્ગ્યુ એ મેલેરિયા કરતાં પણ ખતરનાક રોગ છે. એ પણ મચ્છરથી ફેલાયો વાહક જન્ય રોગ છે. આપણે રોજેરોજ સિંહગર્જના કરતા રહેતા અને હાથીની ગતમાં દમામભેર આખી દુનિયાને મગતરૂં ગણનારા મુખ્યમંત્રીએ ગુજરાતના આરોગ્યને પ્રાથમિકતા આપવી જોઇએ એમ નથી લાગતું? જો ગુજરાત જ માંદલું બની જશે તો એમની મહામહેનતે ઊભી કરેલી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને ઝાંખપ નહીં લાગે? આજે તો નહીં જ અટકીએ. લેટ્સ વેઇટ એન્ડ વોચ!



જી.ઇ. કલબ દ્વારા રક્ષાબંધનનાં પવિત્ર દિવસે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાનાં નિવાસસ્થાને તેમજ સેક્ટર-૬નાં પોલીસ ભાઈઓ સાથે અને સેક્ટર-૭ સ્થિત ચાઈલ્ડ હેવન સંસ્થાનાં બાળકો સાથે ઉજવણી કરવામાં આવી હતી તે પ્રસંગની તસવીર. (તસવીર : કશ્યપ નિમાવત)



દર રક્ષાબંધને આવું થાય છે... બહેનને ત્યાં ન જાઉં તો બહેન સાંજે આવીને.... જાઉ તો બૈરી...!

# ડિપ્લોમા ટુ ડીગ્રીમાં ખાલી બેઠકો હોવા છતાં કોલેજ પ્રવેશ આપતી નથી

## કોલેજોને પ્રવેશની સત્તા અપાયા બાદ સંચાલકો ડી.ટુ.ડી.ના વિદ્યાર્થીને પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ આપે છે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યભરની સરકારી અને સ્વનિર્ભર ઈજનેરી કોલેજોમાં ડિપ્લોમાંથી ડીગ્રીની પ્રવેશ કાર્યવાહી એસપીસી દ્વારા હાથ ધરાઈ હતી. આ પ્રવેશ કાર્યવાહીના અંતે આશરે ૫૦૦૦ બેઠકો ખાનગી કોલેજોમાં ખાલી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં એસીપીસીએ ખાનગી કોલેજોને પ્રવેશ કાર્યવાહી સોંપી ખાલી બેઠકો ભરવા સત્તા સોંપી છે. પરંતુ ખાનગી કોલેજોએ ડીટુડીના વિદ્યાર્થીઓને પ્રથમ સેમેસ્ટરમાં જ પ્રવેશ આપવા આગ્રહ રાખી વિદ્યાર્થીઓને અન્યાય કરતાં હોવાની બુમરાણ વિદ્યાર્થી અને વાલી વર્ગમાં ઉભી થઈ છે.

મળેલ વિગતો મુજબ એસીપીસી દ્વારા રાજ્યની ઈજનેરી કોલેજોમાં ડીપ્લોમાંથી ડીગ્રીની ૧૯૦૦ જેટલી બેઠકોની પ્રવેશ કાર્યવાહી તાજેતરમાં પૂર્ણ કરાઈ છે. જેમાં આશરે ૫૦૦૦ જેટલી બેઠકો ખાલી રહી હોવાના સમાચાર મળ્યા છે. જેમાં એસીપીસીએ જે તે કોલેજોને પોતાની રીતે બેઠકો ભરવા સત્તા સોંપી છે.

રાજ્યની કેટલીક સ્વનિર્ભર ઈજનેરી કોલેજોના સંચાલકોએ ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓને પ્રથમ સેમેસ્ટરથી પ્રવેશ મળી શકશે તેવા ફરમાન સાથે પ્રવેશ આપવાની જોગવાઈ હોવાનુ જણાવી રહ્યા છે. જો કે ડીટુડીના વિદ્યાર્થીને સીધા ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ મળી શકે છે.

પરંતુ એક વર્ષની ફીનો લાભ, હોસ્ટેલ લાભ જેવા લાભો મેળવવાના હેતુથી આ પદ્ધતિ અપનાવતા હોવાનું કેટલાક વિદ્યાર્થીઓ જણાવી રહ્યા છે. ખાનગી કોલેજોના કેટલાક સંચાલકો ડોનેશનની પણ માંગ કરી રહ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

જેથી એસીપીસી ખાનગી કોલેજો પાસેથી ડિપ્લોમાં થી ડિગ્રીની બેઠકો અંગેની માહિતી મંગાવી ડિટુડીમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ કે જેમને પ્રવેશ કાર્યવાહી દરમ્યાન પ્રવેશ મળ્યો નથી તેમને પ્રવેશ અપાવી ન્યાયોચીત કાર્યવાહી હાથ ધરે જેમાં સરકાર દ્વારા પણ આ અંગે અહેવાલ મંગાવાય તેવી વિદ્યાર્થીઓ અને વાલીઓની દુઃખભરી માંગ છે.

# આજથી હેલેસીંકી યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર વિભાગના ડાયરેક્ટર કેન્ટેલ ગુજરાતની મુલાકાતે

## આઈ.આઈ.ટી.ઈ. સાથે ત્રણ દિવસ રાઉન્ડ ટેબલ મીટ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

યુનિવર્સિટી ઓફ હેલેસીંકી ફીનલેન્ડના શિક્ષણશાસ્ત્ર ભવનના ડાયરેક્ટર એવા સુશ્રી હેનેલ કેન્ટેલ તા. ૨૧થી ૨૪મી ઓગસ્ટ દરમિયાન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગાંધીનગરની જાણીતી યુનિવર્સિટી આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ કમલેશ જોશીપુરા અને શિક્ષણવિદો તેમજ અગ્રણી સંશોધકો સાથે તેમની ત્રણ દિવસ રાઉન્ડ ટેબલ મીટ યોજાશે. ત્રણ દિવસ દરમિયાન ૧૧ ઉપરાંત કાર્યક્રમો યોજાશે અને ભવિષ્યના સંભવિત કાર્યક્રમો અંગે વિચારણા થશે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગાંધીનગર અને યુનિવર્સિટી ઓફ હેલેસીંકી વચ્ચે ૨૦૧૩ના વાઈબ્રન્ટ સમીટ વચ્ચે થયેલ મહત્ત્વના સમજૂતી કરાર અંતર્ગત ફેકલ્ટી એકસચેઈન્ચ પ્રોગ્રામ અંતર્ગત હેલસીંગી યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર વિભાગના ડાયરેક્ટર હેનેલ કેન્ટેલ ચાર દિવસની ગુજરાતની મુલાકાતે આવી પહોંચ્યા છે અને તા. ૨૧ થી ૨૪ દરમિયાન શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

પ્રો. મીસ હેનેલ કેન્ટેલ ફીનીસ નેશનલ બોર્ડ ઓફ એજ્યુકેશન અને ફીનીસ મોડેલ ફોર સ્કૂલ એન્ડ ટીચર એજ્યુકેશનના મહત્ત્વપૂર્ણ તજજ્ઞો પ્રોફેસર છે. જેમની સાથે આજે તા. ૨૧ ઓગસ્ટના રોજ પ્રથમ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનના પ્રથમ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરા સાથે મહત્ત્વની બેઠક આયોજીત કરવામાં આવી છે. આ ઉપરાંત આઈ.આઈ.ટી. ફેકલ્ટી મેમ્બર સાથે ઈન્ટરેકશન, સેમેસ્ટર-૫ના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ તેમજ રાત્રીના શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા અગ્રણીઓની સાથે તેઓની બેઠક આયોજિત કરવામાં આવી છે.

યુનિવર્સિટીના કુલસચિવ અને એડીશનલ કલેક્ટર બિપીન ભટ્ટ તેમજ શૈક્ષણિક બિનશૈક્ષણિક અધિકારી પ્રાધ્યાપક ગણની ટીમ આ મહત્ત્વપૂર્ણ મુલાકાત માટે સમગ્ર આયોજનને આખરી ઓપ આપશે. આ ઉપરાંત આવતીકાલે તા. ૨૨મી ઓગસ્ટના રોજ આઈ.આઈ.ટી.ઈ.ના વિદ્યાર્થીઓ સાથે એક્ટીવ લર્નીગ મેથોડોલોજી ટેબલ ઉપર વિદ્યાર્થીઓ સાથે વિશિષ્ટ વાર્તાલાપ અને પરીસંવાદ આયોજિત કરવામાં આવ્યો છે. બપોરે રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાં શિક્ષણ વિદ્યાશાખાના અગ્રણી પ્રાધ્યાપકો સાથે ગાંધીનગર આઈ.આઈ.ટી.ઈ. ખાતે બેઠક આયોજિત કરવામાં આવેલી છે. સાંજના ભાગે આઈ.આઈ.ટી.ઈ.ના વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવશે અને રાત્રે તેઓ વિશ્વ વિખ્યાત અક્ષરધામની મુલાકાત લેશે.

અક્ષરધામની મુલાકાત બાદ ત્રીજા દિવસે ૨૩મીના રોજ જી.સી.ઈ.આર.ટી. ડાયેટ તેમજ પ્રાથમિક શિક્ષણ સહિતના વિભાગો સાથે સંકળાયેલા અધિકારીઓ, તજજ્ઞો, શિક્ષણવિદો તેમજ અગ્રણી સંશોધકોની એક અગત્યની રાઉન્ડ ટેબલ મીટનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસ દરમિયાન ૧૧થી વધારે ઉપક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે અને બધા જ ઉપક્રમોના અંતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગાંધીનગર તેમજ હેલસીંકી યુનિવર્સિટી ફીનલેન્ડ વચ્ચે થયેલા સમજૂતી કરાર માટે રીવ્યૂ બેઠક અને ભવિષ્યના સંભવિત કાર્યક્રમો અંગે વિચારણા કરવા માટે સમારોહ બેઠકનું આયોજન કરવામાં આવશે.

# પેન્શનર્સ સમાજના વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજનો નવમો ઈનામ વિતરણ સમારોહ તાજેતરમાં બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ, સેકટર-૨૩માં સંપન્ન થયો.

વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજના ઈનામ વિતરણ સમારોહમાં કે.જી.થી લઈ ઉચ્ચ અભ્યાસક્રમમાં સફળ થયેલા પેન્શનર્સ સમાજના સભ્યોના પૌત્ર અને પૌત્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહમાં હિંમતનગરની ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનિકલ સ્ટડીઝના ચેરમેન ગજેન્દ્રસિંહ રહેવર મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. પેન્શનર્સ સમાજના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# લેઉવા પાટીદાર સમાજનો ૨૫મીએ ઈનામ વિતરણ સમારંભ

ગાંધીનગર, તા.૨૦

શ્રી લેઉવા પાટીદાર આદર્શ કેળવણી મંડળના સહમંત્રી એલ.એસ. પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે કે ૨૫મી ઓગષ્ટ ૨૦૧૩ને રવિવારે બપોરે ૨.૩૦ કલાકે શ્રી વિઠ્ઠલભાઈ દેસાઈભાઈ પટેલ છાત્રાલય, આઈ.ટી.આઈ.ની પાછળ, સેકટર-૧૫, ગાંધીનગર ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે.

લેઉવા પાટીદાર સમાજના વર્ષ ૨૦૧૨-૧૩માં લેવાયેલી જાહેર પરીક્ષામાં સફળ થયેલા તેજસ્વી વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોનો ઈનામ વિતરણ કાર્યક્રમ તેમજ સન્માન સમારંભ યોજાશે. સમાજના તેજસ્વી બાળકોને સન્માનીત કરવાના સમારંભમાં ઈનામપાત્ર વિદ્યાર્થી ભાઈ-બહેનોને કુટુંબીજનો સાથે હાજર રહેવા સમાજના પ્રમુખ શંકરભાઈ પટેલ અને મંત્રી હરેશભાઈ પટેલે ખાસ જણાવ્યું છે.

## સેકટર-૨૮ (૨)ની પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની હર્ષભેર ઉજવણી



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગરના સેકટર-૨૮ (૨)માં આવેલી પ્રાથમિક શાળામાં શનિવારે સવારે ભુલકાંઓએ રક્ષાબંધનની ઉજવણી કરી તહેવારની મજા માણી હતી. આચાર્ય રીટાબેન બિહોલા તથા શિક્ષકગણે ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ વચ્ચે રક્ષાબંધન પર્વ ઉજવાયું હતું. વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીઓને રાખડી બાંધી આ પવિત્ર બંધન નિમિત્તે વિદ્યાર્થીઓને ચોકલેટ ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું. વિદ્યાર્થીઓને પર્વ નિમિત્તે આચાર્ય એ સમજ આપી હતી અને આ પ્રસંગે કરાતા કુમકુમ તિલક અને મોં મીઠાના અવસરને સમાજના મીઠા સંબંધોમાં ભાઈ બહેનનો પ્રેમ જ એક એવો પ્રસંગ લાવે છે જે રક્ષાબંધન છે જે વિશ્વભરમાં ઉજવાયછે. આમ આ પ્રસંગને હાજર સૌ કોઈએ ભારે ઉત્સાહથી વધાવી લઈ માણ્યો હતો.

# બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડની પસંદગીમાં થોડી અસાવધાની એટલે આફતને આમંત્રણ

## સમાજ ચિંતન

પોપટલાલ પ્રજાપતિ

દિવ્યાની ઉંમર પપ્પા માટે ચિંતાનો વિષય બની રહી હતી. તેમના સમાજમાં ૨૬ વર્ષની ઉંમર છોકરીઓ માટે બહુ મોટી ગણાતી એક બે વર્ષ પસાર થાય પછી તો છોકરીઓના સંબંધ માટે અનેક પ્રશ્નાર્થ ચિહ્ન લાગવા માંડે, હજુ કેમ છોકરીનો સંબંધ નહિ થયો હોય? છોકરીમાં શું ખામી હશે? તેના પરિવારમાં કોઇ તકલીફ હશે? તેના સંસ્કારમાં કયાંક થીગડા માર્યા હશે? છોકરી માટે સારૂં ઘર અને સારો વર શોધવો માતા પિતા માટે શિરો વેદના બની રહે છે અને ખાસ કરીને સમાજની સામાન્યતા અને રિવાજ મુજબ અમુક ઉંમર થાય પછી તો પિતાની નિંદર વેરણ બની જાય. હરેશભાઇની દીકરી પણ રૂપેરંગે કોઇને પણ ગમી જાય તેવી હતી અને હોંશિયાર પણ એટલી જ, પોતે આર્કીટેક એન્જિનિયર હતી અને અભ્યાસ પૂર્ણ કર્યા પછી હવે તેણે લગ્ન માટે સંમતિ આપી. પણ સમાજમાં દીકરીને સમકક્ષ છોકરો શોધવો હરેશભાઇ માટે શિરોવેદના હતી. ખુબ પ્રયત્ન પછી તેમણે સારો સંસ્કારી અને સમૃદ્ધ મુરતીયો શોધી કાઢ્યો.

ભણતર ગ્રેજ્યુએશન પૂરતું, પણ સમૃદ્ધિ ભરપૂર હતી અને દેખાવમાં એકદમ સ્માર્ટ. દિવ્યાએ તેને જોતાવેંત પસંદ કરી લીધો કારણ કે જોડી ખુબ જામે તેવી હતી અને સુખી થવાની ગેરંટી હતી, એટલે ભણતરમાં તેણે બાંધછોડ કરી લીધી. બંનેએ એક બીજાને પ્રપોઝ કર્યા. બંનેને જોતાં સૌને એમ જ લાગે કે જાણે જોડી ઉપરવાળાએ જ નક્કી કરી ન હોય? દિવ્યાંગ પણ ખુશ હતો. તેને થયું છોકરી હસમુખી, મળતાવડી, સુંદર અને શિક્ષિત છે. મારા ખાનદાન અને મને ગૌરવ અપાવે તેવી છે... અને પછી તો બંનેની મુલાકાતો શરૂ થઇ. કયારેક બગીચામાં, કયારેક થિયેટરમાં કયારેક થ્રી સ્ટાર હોટલોમાં... દિવ્યા પાછળ દિવ્યાંગ મોજમસ્તી અને મનોરંજન માટે નાણાંની રેલમછેલ કરવા લાગ્યો.

એક સાંજે બંને થ્રી સ્ટાર હોટેલમાં જમીને છુટા પડ્યા. હજુ દિવ્યાંગ ઘરે પહોંચ્યો નથી અને તેના મોબાઇલની રીંગટોન રણકી. દિવ્યાંગે જોયું તો અજાણ્યો નંબર હતો. તેણે ફોન રીસીવ કર્યો... હલ્લો.. સામે છેડે અપરિચિત અવાજ હતો... તેણે કહ્યું મિ. દિવ્યાંગ, તમારો સંબંધ નક્કી થયો? દિવ્યાંગે ટુંકાક્ષરી જવાબ આપ્યો 'હા જી, અને ત્યાં સામેથી જવાબ આવ્યો. દિવ્યાંગ હું તમારા દૂરનો સગો છું. એટલે લાગણીના સંબંધે તમોને ચેતવવા માગુ છું. આ સંબંધમાં આગળ વધતા નહિ, છોકરી એકદમ ચારિત્ર્યહીન અને રખડેલ છે. મારી વાત માનવી કે નહિ એ તમારી મરજીની વાત છે પણ લાગણીના સંબંધે તમોને ચેતવવા જોઇએ, મારી ફરજ છે... અને ફોન કટ થઇ ગયો. અને સ્વાભાવિક પણે દિવ્યાંગના મનમાં પ્રશ્નોની હારમાળા સર્જાઇ. દિવ્યા એવી લાગણી તો નથી. તો પછી આ ફોન કોનો હશે? મારો સંબંધી છે ખોટું શું કામ કરે? ...બીજા દિવસે તેની દિવ્યા સાથે મુલાકાત થઇ. બગીચાના એક ખુણે ઝાડના ઓથે મંદમદ પવનની લહેર માણતા એકબીજામાં ખોવાઇ બંને ઘડીભર દુનિયાને જાણે ભુલી ગયા. તેને થયું ના.. ના.. આવું બને જ નહિ દિવ્યા આવી ન હોઇ શકે... કેવી પ્રેમાળ છોકરી છે કોઇ મને ગેરમાર્ગે દોરે છે... અને દિવ્યાંગે આ વાતને વિસારે પાડી દીધી. ચાર-પાંચ દિવસ બાદ ફરી એક સાંજે તેનો મોબાઇલ રણક્યો.... હાય! મિ. દિવ્યાંગ તું મને નહિ ઓળખે પણ હું તારી ફિયાંશીનો કલાસમેટ છું તને અંગત વાત કરવી છે કયારે મળીશું? દિવ્યાંગે પૂછ્યું કંઇ બાબતે? સામેથી જવાબ મળ્યો તું જેની સાથે લગ્ન કરવા જઇ રહ્યો છે તે છોકરી બાબતે... વિચારીને ડગ માંડજો કયાંક ભરાઇ ન જાઓ... અને મોબાઇલ કટ... અધુરી વાત જાણવા દિવ્યાંગે ફરી એ નંબર જોડ્યો પણ સ્વીચ ઓફ હતો... અને હવે દિવ્યાંગના મનમા શંકાનું બીજ રોપાઇ ગયું તેને થયું દિવ્યા છે સુંદર, હસમુખી અને હેતાળવી, કયાંક લપેટાઇ તો નહિ હોય? પણ દિવ્યાના કામણ એવા હતા કે તેને જોતાં જ દિવ્યાંગ બધી વાતો ભુલી જતો. સમય વિત્યો, એકાદ સપ્તાહ બાદ સાંજે ફરી પાછી દિવ્યાંગના મોબાઇલની રીંગટોન વાગી... ફરી અજાણ્યો નંબર... તેણે ફોન રિસીવ કર્યો અને સામે છેડેથી જાળ નાખવાનું શરૂ થયું. દિવ્યાંગ, તમારૂં નામ? ... યસ આઇ એમ સ્પિકીંગ. સામે છેડેથી ગંભીરતા પૂર્વક કહેવાયું... દિવ્યાંગ, યોર ફિયાંશી ઇઝ માય લવ... યુ ફરગેટ, દિવ્યા... સી હેવ પ્રોમીસ મી ટુ મેરેજ... યુ લીવ... હીમ... અધર વાઇઝ ઇટ વીલ બી રોંગ... અને પછી ફોન તરત સ્વીચ ઓફ... આ નંબર પર જયારે પણ દિવ્યાંગે ફોન કર્યો... નો રિપ્લાય... પણ હવે દિવ્યાંગના મનમાં રોપાયેલું શંકાનું બીજ ધીમે ધીમે છોડ બનવા લાગ્યું... બધા જ લોકો કંઇ ખોટા હોય? એક દિવસ દિવ્યા અને દિવ્યાંગ લવ ગાર્ડનમાં બેસી એકાંત માણતા હતા પણ દિવ્યાંગને મુડ ન હતો. દિવ્યાએ તેનો મુડ લાવવા ખુબ પર્યત્ન કર્યો પણ વ્યર્થ... રોજ ખિલખિલાટ હસતો તેનો ચહેરો આજે સુનમુન હતો. દિવ્યાએ મજાકમાં કીધું, ડીયર શું આજે મુડ નથી? કયાંક મન બીજે પરોવાયું કે શું? દિવ્યાંગે પરાણે હસવા પ્રયત્ન કર્યો પણ તેની ઉદાસી છુપી ન રહી, આજે તે તડ ને ફડ કરવાના ટેન્શનમાં હતો... તેને સીધું જ દિવ્યાને પૂછ્યું, દિવ્યા તું આટલી સુંદર અને મતળાવડી છે. તારે કોલેજમાં કોઇ બોયફ્રેન્ડ તો હશે ને? અને દિવ્યા આજે રોમાન્ટીક મુડમાં હતી, આ અંદાજમાં જ તેણે જવાબ આપ્યો. સ્વાભાવિક છે, ફુલ હોય ત્યાં ભમરા તો હોય જ ને? અને કોલેજમાં તો પરાણે પ્રીત કરવી પડે નહિતર મણિબેનમાં ખપી જઇએ... અને તેણે છણકો કરી કહ્યું ચાલ છોડ, આવી ફાલતું વાતોમાં મને રસ નથી. દિવ્યા કંઇક છુપાવવા પ્રયત્ન કરે છે...

અને હવે દિવ્યાંગ પ્રત્યેક ક્ષણે દિવ્યાને શંકાની નજરે જોવા લાગ્યો. તેની શંકા બળવત્તર બનતી ગઇ. હવે તેમની મુલાકાતો ઉષ્મા વિહીન અને નિઃશબ્દ બનવા લાગી. દિવ્યા પણ દિવ્યાંગના અચાનક પરિવર્તનથી ઉદાસ રહેવા લાગી. કયારેક વાત કરતાં તે રડી પડતી પણ દિવ્યાંગ જાણે સાવ બદલાઇ ગયો હતો. એક દિવસ સવારે દિવ્યાંગે ફોન કર્યો... દિવ્યા, આપણા સંબંધો પર આજથી પૂર્ણવિરામ. મને કારણ પૂછતી નહિ, મને ચર્ચામાં કોઇ રસ નથી... અને તરત ફોન કટ થઇ ગયો. દિવ્યા ના શમણા અચાનક રોળાઇ ગયા... તેના સપનાનો સુરજ હજી પુરો ઉગ્યો પણ નહોતો ને કોઇનું ગ્રહણ લાગી ગયું. આ ગ્રહણથી તેના જીવનમાં મધ્યાહ્નને અંધકાર છવાઇ ગયો તેને સમજાયું નહિ અચાનક આ શું થઇ ગયું? તેણે આજ દિન સુધી તેના ચારિત્ર્ય પર નાનો અમથો ડાઘ પડવા દીધો નથી. તેની સુંદરતા, પ્રેમાળ વ્યક્તિત્વ અને સતત ખિલખિલાટ રહેતા ચહેરા પાછલ એક તરફી દિલ ફેંકનારા ઘણાં પતંગિયા એની આજુબાજુ ફરતા રહેતા. અલ્પેશ તો તેની પાછળ દીવાનો હતો. દિવ્યા તેને ફ્રેન્ડથી વિશેષ માનતી નહિ. હા, કોઇવાર તેની સાથે નિર્દોષ હસી મજાક કરી લેતી. તેની મુસ્કાનને અલ્પેશ પ્રેમનું આમંત્રણ માની બેસતો અને તે દિવ્યાને મનોમન ચાહતો હતો...

એક દિવસ સવારે દિવ્યા ભગવાનના મંદિરમાં જઇ ભગવાન આગળ નતમસ્તકે ઊભી રહી મનમાં કંઇક પ્રાર્થી રહી હતી. તેની આંખોના ખુણા બીના હતા... ત્યાં અચાનક અલ્પેશ તેની બાજુમાં આવીને ઊભો રહ્યો અને ધીમેથી દિવ્યાને કહ્યું... દિવ્યા યાદ રાખ, તું મારી નહિ થાય તો તેને બીજા કોઇની નહિ થવા દઉ... અને દિવ્યાને તૂટેલા સંબંધનો આખો તાળો મળી ગયો...